بسم اللہ الرحمن الرحیم نحمدہ و نصلی علی رسولہ الکریم وعلی عبدہ المسیح الموعود

لا الٰہ الا اللہ محمد رسول اللہ

دفتر مجلس انصار اللہ بھارت

Office Of The Majlis Ansarullah Bharat

Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA

Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com

نمبر/Ref ________________ تاریخ/Date ________________

# આંહઝરત (સ.અ.વ.)ના મહાન ઉદાહરણના પ્રકાશમાં આપના ઉમદા નૈતિકતાનું હ્રદય સ્પર્શી સ્મૃતિચિત્રો

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ أَمَّا بَعْدُ فَأَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ.**

**તા. ૧૯ જૂન ૨૦૨૬ સ્થળ: મસ્જિદ મુબારક, ઈસ્લામાબાદ, (યુ.કે)**

તશહહુદ, તઆઉઝ, અને સુરાહ ફાતિહા અને સુરાહની તિલાવત બાદ, હઝૂર અનવર અય્યદહુલ્લાહ તઆલાએ ફરમાવ્યું:

એક હદીસમાં આવે છે કે હઝરત અબુ સઈદ ખુદરી બયાન કરે છે કે અન્સારમાંથી કેટલાક લોકોએ અલ્લાહના રસૂલ (સ.અ.વ.)થી માંગ્યું, આપ (સ.અ.વ.)એ તેમને આપ્યુ. પછી તેઓએ માંગ્યું અને આપે (સ.અ.વ.)એ આપ્યું. તેઓએ ફરીથી માંગ્યું અને આપની પાસે જે હતું તે આપ્યું ત્યાં સુધી કે તે ખતમ થઈ ગયું. આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું: મારી પાસે જે પણ સંપત્તિ હશે, હું તેને તમારાથી ક્યારેય છુપાવીશ નહીં. અને જે પ્રશ્ન ટાળશે, અલ્લાહ તેને બચાવશે, અને જે કોઈ દુનિયાની સંપત્તિથી મુક્ત થવા માંગે છે, અલ્લાહ તેને મુક્ત કરી દેશે, અને જે કોઈ તેના આત્મા પર બોજ મૂકીને ધીરજ રાખશે, અલ્લાહ તેને ધીરજ આપશે, અને ધીરજથી વધુ સારી અને વિશાળ વરદાન કોઈને આપવામાં આવી નથી.

હઝરત ઈબ્ને ઉમર (રઝી.) બયાન કરે છે કે અમે પયગંબર (સ.અ.વ.) સાથે એક યાત્રા પર હતા અને હું એક મજબૂત ઊંટ પર સવાર હતો જે બીજા ઊંટોથી આગળ જતો હતો. હઝરત ઉમર (રઝી.) તેને રોકતા અને ઠપકો આપતા. આ જોઈને, અલ્લાહના રસૂલ (સ.અ.વ.) એ ફરમાવ્યું, કે આ ઊંટ મને કિંમતે આપો. હઝરત ઉમર (રઝી) એ કહ્યું, તે આપ (સ.અ.વ.)નું જ છે. અલ્લાહના રસૂલ (સ.અ.વ.) એ ફરમાવ્યું, તે મને વેચી દો. તેથી તેમણે તે ઊંટ આપ (સ.અ.વ.)ને વેચી દીધો. પછી પયગંબર (સ.અ.વ.) એ ફરમાવ્યું, હે અબ્દુલ્લાહ બિન ઉમર! હવે આ ઊંટ તમારું છે. હવે તમે તેની સાથે જે ઈચ્છો તે કરો.

હઝુર અનવરે ફરમાવ્યું કે ભેટ આપવાની પણ એક રીત છે. પછી તેમણે એ પણ સમજાવ્યું કે આ એક પ્રાણી છે, જો તે સવારોથી આગળ વધે તો ઠીક છે, અને હવે આ ઊંટ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ ખરીદી લીધો જો તે બીજી સવારીથી આગળ વધશે તો પણ એ જ કહેવાશે કે રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ઊંટ આગળ જાય છે.

એક અભિયાનમાં હઝરત જાબીરનો ઊંટ થાકી ગયો અને ધીમો પડી ગયો જેના કારણે તે લશ્કરથી પાછળ પડી ગયા. અલ્લાહના રસૂલ (સ.અ.વ.) તેમની પાસે આવ્યા અને તેમની ખેરયત વિશે પૂછ્યું. જાબીર (રઝી)એ ઊંટના થાકનો ઉલ્લેખ કર્યો છે. પયગંબર (સ.અ.વ.)એ પોતાની લાકડી વડે ઊંટને ખેંચ્યો અને ફરમાવ્યું, હવે તેના પર સવારી કરો. જાબીર કહે છે કે હું સવાર થઈ ગયો અને મેં જોયું કે તે એટલો ઝડપી થઈ ગયો કે તે અલ્લાહના રસુલ સ.અ.વ.ની આગળ જવા લાગ્યો, જેના પર મારે તેને રોકવો પડ્યો. પછી પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) એ મને પૂછ્યું, શું તમે નિકાહ કર્યો છે? મેં જવાબ આપ્યો, "હા." આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું જુઓ, તમે તમારા ઘરે પહોંચવાના છો, જ્યારે તમે પહોંચો છો, ત્યારે સમજદારીથી અને કાળજીપૂર્વક કામ કરો. ઘરમાં સારો વ્યવહાર હોવો જોઈએ. પછી આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું, શું તમે મને તમારો આ ઊંટ વેચશો? મેં કહ્યું 'હા', તો આપે તે મારી પાસેથી એક ઔંકયા ચાંદીમાં ખરીદ્ય કર્યો. પછી અલ્લાહના રસૂલ (સ. અ. વ.) મારા પહેલા મદીના પહોંચ્યા, અને હું બીજા દિવસે સવારે ત્યાં પહોંચ્યો. આપ (સ.અ.વ.)એ ફરમાવ્યું : તમારા ઊંટને છોડી દો અને મસ્જિદમાં જાઓ અને મસ્જિદમાં જઈને બે રકાત નમાઝ પઢો. તેઓ અંદર ગયા અને નમઝ પઢી. આપ (સ. અ. વ.)એ હઝરત બિલાલને ફરમાવ્યું, તેને એક ઔંકયા ચાંદી તોલી આપો. હઝરત બિલાલે તોલમાં ત્રાજવું નમાવ્યું અથવા તેનાથી થોડું વધારે આપ્યું. પછી હું પીઠ ફેરવીને ચાલ્યો ગયો. આપે ફરમાવ્યૂ કે જાબીરને મારી પાસે આવવા બોલાવો. ફરમાવ્યું, તમારો ઊંટ લઈ લો અને તેની કિંમત પણ તમારી છે. તેઓ કહે છે કે પવિત્ર પયગંબર (સ.અ.વ.) દ્વારા આપવામાં આવેલી ભેટ એટલી ધન્ય હતી કે હઝરત ઉમરના સમય સુધી ઊંટ જીવિત રહ્યો હતો.

આપના નમૂના આપની તરબિયત અને આપની કુવ્વતે કુદ્સીનો પ્રભાવ હતો જે તમામ સહાબીઓ પર હતો. હઝરત ખદીજા (રઝી.)પર પણ આ પ્રભાવ હતો અને તેના કારણે જ આપે કોઈપણ મુશ્કેલીના ડર વિના પોતાની મિલકત તેમને સોંપી દીધી. આ રીતે, તે વર્ણવવામાં આવે છે કે અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) હઝરત ખદીજા પાસે આવ્યા અને આપ થોડા વિચારશીલ હતા. હઝરત ખદીજાએ આપને પૂછ્યું કે શું થયું? આપે ફરમાવ્યું કે આ દુકાળનો સમય છે, મને તમારાથી શરમ આવે છે કે જો હું મારી સંપત્તિ ખર્ચીશ તો તમારી સંપત્તિ જતી રહેશે અને જો હું ખર્ચ નહીં કરું તો હું અલ્લાહથી ડરું છું. હઝરત અબુ બકરનું વર્ણન છે કે ખદીજાએ દીનાર કાઢીને ઢગલા કરી દીધા, જ્યાં સુધી હું જોઈ શકતો ન હતો કે પુષ્કળ સંપત્તિના કારણે મારી સામે કોણ બેઠું છે. પછી હઝરત ખદીજાએ કહ્યું, "તમે સાક્ષી બનો, આ બધી સંપત્તિ પવિત્ર પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ.)ની છે. જો તેઓ ઇચ્છે તો ખર્ચ કરી શકે છે, અને જો તેઓ ઇચ્છે તો રાખી શકે છે." તેમણે આપી દીધો કારણ કે આપની ફિકરને દૂર કરવા માટે કે ઠીક છે આપ ખર્ચ કરો.

એક માણસ અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પાસે આવ્યો અને કંઈક માંગ્યું. આપે ફરમાવ્યું, મારી પાસે હાલમાં કંઈ નથી. મારા નામે વસ્તુઓ ખરીદો, અને જ્યારે મારી પાસે કંઈક આવશે, ત્યારે હું તેની કિંમત ચૂકવી દઈશ. હઝરત ઉમર (રઝી) એ કહ્યું, હે અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)! આપ તેને પહેલા આપી ચૂક્યા છો, અને જે આપની શક્તિમાં નથી અલ્લાહ તઆલાએ આપ (સ.અ.વ.)ને તેનો જવાબદાર ઠેરવ્યા નથી. અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને હઝરત ઉમર (રઝી) એ જે કહ્યું તે ગમ્યું નહીં. અંસારમાંથી એક માણસે કહ્યું, હે અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)! આપ ખર્ચ કરો અને અલ્લાહ તઆલા તરફથી ફિકરથી ડરશો નહીં. આ સાંભળીને અંસાર હસ્યા અને આપના ચહેરા પર ખુશી દેખાવા લાગી આપે ફરમાવ્યું, "મને આ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે."

એક સહાબીએ પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને ખજૂરો અને કકડીઓ પેશ કરી તેજ સમયે આપ (સ.અ.વ.) પાસે બહરીનથી સોનાના ઘરેણાં આવ્યા હતા. આંહઝરત (સ.અ.વ.)એ મુઠ્ઠી ભર ઘરેણાં ખજૂરો અમે કકડીઓના બદલામાં આતા ફરમાવી દીધા.

જો કોઈ મુસ્લિમ દેવામાં મૃત્યુ પામે અને તેની પાસે ચૂકવવા માટે કોઈ સંપત્તિ ન હોય, તો પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) મુસલમાનોને ઈર્શાદ ફરમાવે છે કે તમે તમારા ભાઈની નમાઝે જનાઝા પઢીલો. આપ (સ. અ. વ.) ફરમાવે છે. હું મુસલામનોનો તેમના સગાંઓથી પણ વધારે નજીક છું માટે મોમિનોમાંથી જે મૃત્યુ પામે અને તે દેવું મૂકીને જાય તો તેની આદયગી મારી જવાબદારી છે અને જે સંપત્તિ છોડી જાય તે તેના સગાંઓની છે.

હઝુર અનવરે પયગંબર મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના દેવાની ચુકવણી અંગે હઝરત બિલાલનો વિગતવાર બયાન સંભળાવ્યો, જેમાં અલ્લાહ તઆલાએ અસાધારણ રીતે પોતાના તરફથી ચૂકવણીનું સાધન આપ્યું. જ્યારે તમામ દેવું ચૂકવવામાં આવ્યું, ત્યારે પયગંબર મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એ ફરમાવ્યું, "ઓ બિલાલ! દેવું ચૂકવ્યા પછી, જે પૈસા વચ્યા છે તે ગરીબો પર ખર્ચ કરો. તે રાત્રી આપે મસ્જિદમાં વિતાવી અને ઘરે ન ગયા. બીજા દિવસે પૂછવામાં આવ્યું ત્યારે, બિલાલે કહ્યું કે બધા પૈસા ખર્ચ થઈ ગયા છે, તેથી આપે અલ્લાહની સ્તુતિ અને પ્રશંસા કરી અને પછી પોતાની પત્નીઓ પાસે ગયા.

હઝરત ઈબ્ને ઉમર (રઝી) બયાન કરે છે કે અલ્લાહના રસૂલ (સ.અ.વ.)એ હઝરત ઝુબૈર (રઝી)ને તેમનો ઘોડો દોડી શકે તેટલી જમીન આપવાનો આદેશ આપ્યો. જ્યારે ઘોડો રોકાઈ ગયો, ત્યારે ઝુબૈરે તેમનો ચાબુક ફેંક્યો, જે દૂર સુધી ગયો. અલ્લાહના રસૂલ (સ.અ.વ.) એ ફરમાવ્યું, "તેમને ત્યાં સુધી જમીન આપો જ્યાં સુધી તેમનો ચાબુક ગયો છે .

હઝરત મસીહ મૌઉદ અલયહિ સ્સલ્લામ) ફરમાવે છે કે એક વાર પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) તેમના ઘરે આવ્યા અને પૂછ્યું, "અમારા ઘરમાં શું છે?" આયશા (રઝી)એ અશરફીના બે ટુકડા કાઢ્યા અને કહ્યું, "આ છે." પયગંબર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એ તે અશરફીઓના ટુકડા પોતાની હથેળી પર મૂક્યા અને ફરમાવ્યું, " શું હાલ છે તે નબીનો જે પાછળ બે અશરફીઓ છોડીને જાય અને એજ સમયે વહેંચે ?"

હુનૈનના યુદ્ધમાં, છ હજાર કે આઠ હજાર ગુલામો અને દાસીઓ, ચોવીસ હજાર ઊંટ અને ચાલીસ હજારથી વધુ ઘેટાં અને બકરા, ચાર હજાર ઔંકયા (ચારસો નેવું કિલોગ્રામ) ચાંદી માલે ગનીમત તરીકે મળી હતી. આપ (સ.અ.વ.)એ માલે ગનીમતના વિતરણની શરૂઆત તાલીફે કલ્બના સંકલન સાથે કર્યું. આ અરબના મહાન પુરુષો હતા અને પોતપોતાના કબીલામાં સન્માન અને મહાનતાનું સ્થાન ધરાવતા હતા. આપે તેમને પરિચિત કરાવવા માટે સંપત્તિ આપી.

આ પ્રસંગે, આપે અબુ સુફિયાન અને તેના પુત્રોને એટલી બધી સંપત્તિ આપી કે અબુ સુફિયાને બોલી ઉઠયા કે, "હે અલ્લાહના રસૂલ, તમે ઉદાર છો. મારા માતા-પિતા તમારા પર કુરબાન છે. મેં તમારી સાથે યુદ્ધ કર્યું છે અને તમે એક સારા યોદ્ધા છો, અને મેં તમારી સાથે સુલેહ કરી છે અને તમે એક સારા સુલેહ કરનાર છો."

હઝરત મસીહ મૌઉદ (અ. સ.) ફરમાવે છે કે એક પ્રસંગે આપ (સ.અ.વ.) પાસે મોટી સંખ્યામાં ઘેટાં અને બકરાં હતા. એક કાફિરે કહ્યું કે આપની પાસે એટલા બધા ઘેટાં અને બકરાં છે કે કેસરો કિસરા પાસે પણ એટલા બધા નથી. આપે તે જ ક્ષણે તેને માફ કરી દીધો અને તેઓ તે જ ક્ષણે ઈમાન લઈ આવ્યો કે પયગંબર સ. અ. વ સિવાય કોઈ પણ આટલી મોટી ઉદારતા બતાવી શકે નહીં.

હુનૈનના યુદ્ધના દિવસે, એક સ્ત્રી આવી અને અશઆર સંભળાવ્યા જેમાં આપના બનુહવાઝનમાં સ્તનપાનના દિવસોનો ઉલ્લેખ કર્યો. આ અશઆર સાંભળ્યા પછી, તમે બનુહવાઝનની બધી મિલકત તેમને પરત કરી દીધી અને તેમને પાંચ લાખ દિરહામ કિંમતની વધારાની મિલકત પણ આપી.

આંહઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ઉમદા નૈતિકતાનો ઉલ્લેખ કરતી વખતે, હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ફરમાવે છે કે તેમની પાસે સંયમનું સંપૂર્ણ સ્તર હતું, અને દરેક પાત્ર તેના પોતાના સ્થાને અને પ્રસંગે પ્રગટ થતું હતું. આ ઉમદા નૈતિકતાઓમાં, આપ (સ. અ. વ.)ની ઉદારતા પણ પોતાની જગ્યાએ હતી, અને આપની નિઃસ્વાર્થતા પણ પોતાની જગ્યાએ હતી, અને કરમ પણ પોતાની જગ્યાએ હતી.

હઝુર અનવરે ફરમાવે કે જેમ પવિત્ર પયગંબર (સ.અ.વ.)ના ઉપદેશો સંતુલિત છે, તેવી જ રીતે આપ (સ. અ. વ.)ના દરેક કાર્ય પણ સંતુલિત હતા. અલ્લાહ તઆલા આપણને પવિત્ર પયગંબર (સ.અ.વ.)ના જીવનના દરેક પાસાઓ પર ચિંતન અને કાર્ય કરવાની ક્ષમતા આપે. આમીન

******

اَلْحَمْدُ لِلّٰہِ نَحْمَدُہٗ وَنَسْتَعِیْنُہٗ وَنَسْتَغْفِرُہٗ وَنُؤْمِنُ بِہٖ وَنَتَوَکَّلُ عَلَیْہِ وَنَعُوْذُ بِاللّٰہِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَمِنْ سَیِّئَاتِ اَعْمَالِنَا مَنْ یَّھْدِہِ اللّٰہُ فَلَا مُضِلَّ لَہٗ وَمَنْ یُّضْلِلْہُ فَلَا ھَادِیَ لَہٗ وَنَشْھَدُ أَنْ لَّا اِلٰہَ اِلَّا اللّٰہُ وَنَشْھَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُہٗ وَرَسُوْلُہٗ عِبَادَ اللّٰہِ رَحِمَکُمُ اللّٰہُ اِنَّ اللّٰہَ یَأْمُرُ بِالْعَدْلِ وَالْاِحْسَانِ وَاِیْتَآءِ ذِی الْقُرْبٰی وَیَنْھٰی عَنِ الْفَحْشَآءِ وَالْمُنْکَرِ وَالْبَغْیِ یَعِظُکُمْ لَعَلَّکُمْ تَذَکَّرُوْنَ اُذْکُرُوا اللّٰہَ یَذْکُرْکُمْ وَادْعُوْہُ یَسْتَجِبْ لَکُمْ وَلَذِکْرُ اللّٰہِ اَکْبَرُ۔